| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૩/૦૭/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૧૬૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૫૪૨ | ૩૧ | ૯૫૭૩ | ૧૫૬૦૦ | ૩૦ | ૧૫૬૩૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૫ | ૧૯ | ૪૨૮૪ | ૫૭૮૧ | ૧૯ | ૫૮૦૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૧૩૪૭ | ૨૫૩ | ૧૧૬૦૦ | ૧૧૯૫૦ | ૨૩૯ | ૧૨૧૮૯ |
| કુલ | | ૨૫૧૯૭ | ૩૦૩ | ૨૫૫૦૦ | ૩૩૫૩૪ | ૨૮૮ | ૩૩૮૨૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૧ | ૫,૩૩,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૪૮૭ | ૮,૯૭,૪૦૦/- |

# લુંટ વીથ મર્ડરના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન:-

## ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૯૩૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૯૭,૩૦૨, તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના લુંટ વીથ મર્ડરના અન ડિટેક્ટ ગુનામા ત્રણ આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોરીઓને શોધી કાઢી પકડી પાડતી ઇસનપુર પોલીસ

એક ઇસમ નામે હરેશભાઇ હસમુખભાઇ દરજી(સુથાર) ઉ.વ.પર રહે-૨,વિજીચંત ફ્લેટ મણીયાસા મણીનગર પુર્વ ખોખરા અમદાવાદ શહેર નાઓએ જાહેરાત કરેલ કે તા-૧૦/૦૭/૨૦૨૦ ના રાત્રીના આશરે પોણાદસ વાગે પોતાનો પુત્ર ઉમંગ ઉ.વ ૨૧ નાનો સેવન્ડે સ્કુલ પાસે કામથી જઇને આવુ છુ તેમ કહી ઘરેથી ગયેલો અને રાતના અગિયારેક વાગે પોતાને એક ઇસમે ફોન કરીને જાણ કરેલ કે તમારો દિકરો લોહીલુહાણ હાલતમા આવકાર હોલથી સેવન્ડે સ્કુલ તરફ જતા ગુરૂજી બ્રીજના મધ્ય ભાગમાં પડેલ છે જેથી પોતે સદરી જગ્યાએ જતા પોતાનો દિકરો લોહી લુહાણ હાલતમા પડેલ હોય અને તેના શરીર ઉપર તિક્ષ્ણ હથિયારના ઘા વાગેલ હોય પોતાના પુત્રને પુછતા અજાણ્યા ઇસમોએ છરીના ઘા મારી પોતાનો મોબાઇલ ફોન તથા પર્સની લુંટ કરીને ભાગી ગયેલ હોવાનુ જણાવી બેભાન થઇ ગયેલ અને પોતાના દિકરા ઉંમગને કોઇ અજાણ્યા ઇસમે છાતી તથા પેટના ભાગે ચપ્પુના ઘા મારી જીવલેણ ઇજા પહોચાડી તેની પાસેથી વીવો કંપનીનો વાય.૮૩ મોડલનો કાળા કલરનો મોબાઇલ ફોન જેની કિ રૂ,૮૦૦૦/- તથા આધારકાર્ડ,પાનકાર્ડ,ચુટણી કાર્ડ,એસ.બી.આઇ.બેન્કનુ એ.ટી.એમ તેમજ પરચુરણ રૂપિયા સાથેનુ કાળા કલરનુ પાકીટ મળી કુલ્લે રૂ ૮૦૦૦/- ની લુટ કરી ભાગી ગયેલ હોય અને પોતાનો દિકરો હાલમા સીવીલ હોસ્પીટલમા સારવાર હેઠળ હોવાની જાહેરાત કરતા તેઓની ફરીયાદ લખી લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૯૩૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૯૭,તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરેલ અને ત્યારબાદ ભોગ બનનાર ઉમંગ તા ૧૧/૦૭/૨૦૨૦ ના સવારના મરણ ગયેલ જે ગુનાની તપાસ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલાનાઓએ સંભાળી લીધેલ

ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી આ ગુનો ગમેતેમ કરીને શોધી કાઢવા અને આરોપીઓ બાબતે હકિકત મેળવી આરોપીઓ પકડી પાડવા સુચના આપતા જે સુચના આધારે સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓએ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના સ્ટાફના માણસોની જુદીજુદી ટીમો બનાવી દરેક ટીમને અલગ-અલગ કામગીરી સોપી તપાસ શરૂ કરવામા આવેલ અને ફરીયાદીને ફોન કરનાર મોબાઇલ નંબરવાળા ઇસમને બોલાવી વિશ્વાસમા લઇ

પુછપરછ કરતા બનાવ વખતે બનાવવાળી જગ્યાએ કેટલાક ઇસમો હાજર હોવાની હકિકત જાણવા મળતા અને તેઓના નામ-સરનામા જાણવા મળતા તે ઇસમોને શોધી કાઢી અલગ-અલગ બેસાડી પુછપરછ કરતા ભોગ બનનારને ત્રણ છોકરા તથા બે છોકરીઓએ મોટર સાયકલ ઉપર આવી છરીઓના ઘા મારી તેનો મોબાઇલ ફોન લુંટીને ભાગી ગયેલ હોવાની અને આ પૈકી એક છોકરીને નામથી ઓળખતા હોવાની હકિકત જાણવા મળતા તે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરીના ઘરે એચ.પી.ગેસ ગોડાઉનના સામે બાબુભાઇની ચાલી ખોડીયાર માતાના મંદીર પાસે ભાયપુરા અમદવાદ શહર ખાતે તપાસ કરતા તે મળી આવતા તેને બનાવ બાબતે પુછતા આ ગુનો કરવામા પોતે તથા પોતાની બહેનપણી કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરી તથા હાર્દિક ઉર્ફે ચીમન અગ્રવાલ જે સરીતા એપાર્ટમેન્ટ જોગેશ્વરી રોડની બાજુમા હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેર ખાતે રહે છે તે તથા શ્યામ ઉર્ફે લક્કી રાઠોડ જે નેશનલ પાર્ક રાષ્ટ્ર ભારતીય સ્કુલની બાજુમા હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેર ખાતે રહે છે તે તથા કુણાલ દલવાડી જે મંગલમ સોસાયટી મંગલેશ્વર મહાદેવની સામે ઘોડાસર અમદાવાદ શહેર ખાતે રહે છે તે હોવાનુ જણાવતા સદરીને સાથે રાખી બીજા આરોપીઓની તેઓના ઘરે તપાસ કરતા આરોપી કુણાલ દલવાડી તેના ઘરેથી મળી આવેલ તથા બીજા બે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમા આવેલ એક કિશોરી તેમના ઘરે હાજર નહી મળી આવતા અને આ બાબતે સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ તથા લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ નાઓએ ખાનગી રાહે તપાસ કરતા બે મોબાઇલ નંબર તથા મોટર સાયકલનુ વર્ણન મળેલ

બાદ આરોપીઓના મળેલ મોબાઇલ નંબર લોકેશન કઢાવતા મોબાઇલ ફોનના લોકેશન રનીંગ લોકેશન આવતા જે જગ્યાના લોકેશન આવે તે જગ્યાઓએ ટીમો રવાના કરેલ અને છેલ્લુ લોકેશન વસ્ત્રાલથી ઓઢવ તરફના રોડ ઉપરનુ રનીંગ લોકેશન આવતા સર્વેલન્સ સ્કોડની બે ટીમોને તે તરફ રવાના કરતા વસ્ત્રાલ ચાર રસ્તા પાસે આવેલ સંગમ હોટલ પાસે આવતા મળેલ વર્ણનવાળી મોટર સાયકલ ઉપર ત્રણ સવારી જેમા બે ઇસમો તથા એક કિશોરી રોંગ સાઇડમા વસ્ત્રાલથી ઓઢવ તરફ જતા જણાતા અને સાથેના પકડાઇ ગયેલ આરોપી કુણાલ દલવાડીએ તેઓને ઓળખી બતાવતા આ મો.સા રોકવાનો પ્રયત્ન કરતા તેઓએ મોટર સાયકલ રોકેલ નહી અને રોંગ સાઇડમા મોટર સાયકલ ભગાડેલ જેથી એક ટીમે રોંગ સાઇડમા જ તથા બીજી ટીમે રોડની રાઇટ સાઇડથી પિછો કરેલ અને રાઇટ સાઇડવાળી ટીમ મોટર સાયકલથી આગળ થઇ જઇ ડિવાઇડરના કટમાથી મોટર સાયકલની આગળ આવી કોર્ડન કરતા મોટર સાયકલ ચાલકે પોતાની મોટર સાયકલ ટર્ન મારી પાછા ભાગવા જતા તે સમયે રોંગ સાઇડમા પિછો કરતી પોલીસની ટીમ આવી જતા તેઓએ સદર મો.સાને કોર્ડન કરી રોકવાનો પ્રયત્ન કરતા મો.સા ચાલક કટ મારી ભાગવા જતા તેની મો.સા સ્લીપ થઇ જતા તે નીચે પડી જતા પોલીસના માણસોએ એકદમ તેઓને કોર્ડન કરી પકડવા જતા તે પૈકીના એક ઇસમે પોતાની પાસેની છરી કાઢી પોલીસનો સામનો કરેલ અને પોલીસે સમય સુચકતા વાપરી તેની પાસેની છરી પડાવી લઇ ત્રણેયને ફિલ્મી ઢબે પિછો કરી પકડી લીધેલા અને આ તમામને ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે લાવી તેઓના નામઠામ પુછતા (૦૧) હાર્દિક ઉર્ફે ચીમન

સ/ઓ વિનોદભાઇ રમેશચન્દ્ર અગ્રવાલ ઉ.વ ૨૨ રહે, મ.નં ૩૪/૩૯૯ સરીતા એપાર્ટમેન્ટ જોગેશ્વરી રોડની બાજુમા હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેર તથા (૦૨) શ્યામ ઉર્ફે લક્કી સ/ઓ રામપ્રસાદ રામચરીત્ર રાઠોડ ઉ.વ ૨૪ રહે,મ.નં ૫૫ નેશનલ પાર્ક રાષ્ટ્ર ભારતીય સ્કુલની બાજુમા હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેર તથા (૦૩) કુણાલ સ/ઓ દિપકભાઇ ગોવિંદભાઇ દલવાડી ઉ.વ ૩૦ રહે, સી-૩૨ મંગલમ સોસાયટી મંગલેશ્વર મહાદેવની સામે ઘોડાસર અમદાવાદ શહેર તથા કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોરીઓ હોય તેઓની જડતી તપાસ કરતા તેઓની પાસેથી ઉપરોક્ત ગુનાનો લુંટમા ગયેલ મોબાઇલ ફોન તથા ભોગ બનનારને જે છરીથી ઇજા કરેલ તે લોહીથી ખરડાયેલી છરી તથા આરોપીઓના મોબાઇલ ફોન નંગ-૦૪ તથા મોટર સાયકલ નંગ-૨ મળી કુલ રૂપિયા ૭૩,૫૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી અનડિટેક્ટ લુટ વીથ મર્ડનો ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે

આરોપી હાર્દિક ઉર્ફે ચીમન સ/ઓ વિનોદભાઇ રમેશચન્દ્ર અગ્રવાલ ઉ.વ ૨૨ રહે, મ.નં ૩૪/૩૯૯ સરીતા એપાર્ટમેન્ટ જોગેશ્વરી રોડની બાજુમા હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેરનુ ગુનાહીત ઇતિહાસ (૧) ખોખરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૪૭/૨૦૧૬ ઇપીકો કલમ ૩૯૪,૧૧૪ (૨) ખોખરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૭૮/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૦ (૩) ખોખરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૦૭/૨૦૧૮ ઇપીકો કલમ ૩૨૬,૫૦૩, જી.પી એક્ટ કલમ ૧૩૫(૧) (૪) અમરાઇવાડી પોલીસ સ્ટેશન પ્રોહિ.ગુ.ર.ન ૦૪૨૮/૨૦૧૯ પ્રોહિ કલમ ૬૬(૧)બી,૬૫,એ,ઇ ૧૧૬(બી) (૫) અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૧૬/૨૦૧૬ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ જી.પી એક્ટ કલમ ૧૩૫૭(૧) (૬) અમરાઇવાડી પોલીસ સ્ટેશન સી.આર.પી.સી કલમ ૧૦૭,૧૫૧ (૭) અમરાઇવાડી પોલીસ સ્ટેશન પ્રોહિ.ગુ.ર.ન ૦૪૦૫/૨૦૧૭ પ્રોહિ કલમ ૬૬(૧)બી,૬૫,એ,ઇ ૧૧૬(બી) (૮) રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૩૧/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯,૩૫૬,૧૪ જી.પી એક્ટ કલમ ૧૩૫(૧) આરોપી કુણાલ સ/ઓ દિપકભાઇ ગોવિંદભાઇ દલવાડી ઉ.વ ૩૦ રહે, સી-૩૨ મંગલમ સોસાયટી મંગલેશ્વર મહાદેવની સામે ઘોડાસર અમદાવાદ શહેર નુ ગુનાહીત ઇતિહાસ (૧) અમરાઇવાડી પોલીસ સ્ટેશન ૧૬૦/૨૦૧૧ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ તથા જી.પી એક્ટ કલમ ૧૩૫(૧)

## અન ડિટેક્ટ લુટ વીથ મર્ડના ગુનામા આરોપીઓને પકડી પાડનાર ટીમ

(૧) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન ----ટીમ ઇન્ચાર્જ
(૨) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન----ટીમ ઇન્ચાર્જ
(૩) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ----બાતમી
(૪) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન----બાતમી
(૫) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૬) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૭) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૮) અ.હેડ.કોન્સ સુનીલભાઇ જયંતીભાઇ પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૯) અ.હે.કો યુવરાજસિંહ ભીખુભા પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૦) અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૧) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન----બાતમી

(૧૨) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૩) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૪) અ.પો.કો પ્રભાતસિંહ દેવુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૫) અ.પો.કો દેવેન્દ્રસિંહ વેલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૬) અ.પો.કો વિજયસિંહ બાબુભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૭) અ.પો.કો ઘનશ્યામભાઇ મેકરણભાઇ પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૧૮) લોકરક્ષક મયુરસિંહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન----બાતમી

(૧૯) લોકરક્ષક સચિન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૦) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૧) લોકરક્ષક રોહીતસિંહ નટુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૨) લોકરક્ષક અનિરૂધ્ધસિંહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૩) લોકરક્ષક મહાવીરસિંહ રણજીતસિંહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૪) લોકરક્ષક કમલેશભાઇ દામજીભાઇ પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૫) વુ.લોકરક્ષક જયાબેન નરોત્તમભાઇ પી.આઇ પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન

(૨૬) વુ.લોકરક્ષક વૈશાલીબેન જેયન્તીભાઇ “સી” ટીમ ઇસનપુર પોલીસ સ્ટેશન



# અપહરણ કરતા આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :-**

## અમદાવાદ નારોલ ખાતેથી ૨ વર્ષની બાળકીનું અપહરણ કરી રૂપિયાની માંગણી કરતા આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

આજરોજ પોલીસ કંટ્રોલ રૂમ અમદાવાદ શહેર ખાતેથી તા. ૧૨/૦૭/૨૦૨૦ ના કલાક – ૧૩/૪૯ નો મળેલ મેસેજ જેમાં કેસ નં. ૧૩૩૪૭ શાહવાડી વિશ્વભારતી સ્કુલ પાસે મેલડી માતાના મંદીર પાસે દુર્ગેશભાઇ જણાવે છે કે તેમની સગીરવયની દીકરી ઉ.વ. ૨ નાનીને કોઇ અજાણ્યો વ્યક્તિ ચોકલેટ અપાવવા બહાને ઉપાડી લઇ ગયેલ છે. વિગેરે મતલબેના મેસેજ આધારે તુરંત દુર્ગેશભાઇને મળી તેમજ મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદારની આવી કોઇ રજુઆત/ફરીયાદ તાત્કાલિક ફરીયાદ દાખલ કરાવી ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જેથી અમો તથા પો.સ્ટેના અધિકારી/સ્ટાફની તુરંત જ ટીમો બનાવી ફરીયાદીને પુછપરછ કરી સગીરબાળાનું અપહરણ કરનાર ઇસમ બાબતે મોબાઇલ ફોનના ટાવર લોકેશન તેમજ ખાનગી બાતમીદારોથી હકિકત મેળવી તુરંત જ તપાસ કરી અને ગણતરીના કલાકોમાં સગીરબાળા ઉ.વ. ૨ ને અપરહરણ કરનાર આરોપી સફાદ્દીન ઉર્ફે સમીરભાઇ બાજુદીન રાય રહે.રૂમ નં.બી/૦૭ સફલ ૫ રખિયાલ અમદાવાદ શહેર  મુળ વતન દરહીયા શિવહર રાજ્ય બિહાર નાને રખિયાલ ચાર રસ્તા પાસે યુક્તિ પ્રયુક્તિ દ્વારા શોધી કાઢેલ અને અપરહરણ થયેલ બાળાનો કબ્જો મેળવવામાં આવેલ અને આ બાબતે નારોલ પો.સ્ટે. પાર્ટે A ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૫૪૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૪(એ), ૫૦૬(૧), ૫૦૭ મુજબનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપીનું નામ સરનામુ** :-સફાદ્દીન ઉર્ફે સમીરભાઇ બાજુદીન રાય રહે.રૂમ નં.બી/૦૭ સફલ - ૫ રખિયાલ અમદાવાદ શહેર  મુળ  વતન દરહીયા શિવહર રાજ્ય બિહાર

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓના નામ :-**શ્રી મિલાપ પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન અમદાવાદ શહેર તથાએસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેકટર નારોલ પોલીસ સ્ટેશન તથા સ્ટાફના માણસો હે.કો. હસમુખભાઇ ભાનુભાઇ બ.નં. ૪૧૬૦ તથા હે.કો. મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.નં. ૩૮૬૭ તથા અ.પો.કો. વિજયસિંહ લાખુભા બ.નં. ૬૧૭૯ તથા અ.પો.કો. મહેશભાઇ બાબુલાલ બ.નં. ૧૩૦૬૪ તથા અ.પો.કો. કાનાભાઇ સુરાભાઇ બ.નં. ૧૦૦૮૭

# પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

## "નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ની બોટલો નંગ ૨૧૦ કિમંત રૂ.૫૫૨૦૦/ મળી કુલ્લે રુપિયા ૩૫૫૨૦૦/ ના મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૧૩.૦૭.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફના એ.એસ.આઈ કિરીટસિંહ ભવાનસિંહ, મ.સ.ઇ.જશવંતસિહ બળવંતસિંહ, અ.હે.કો.નરેન્દ્રસિંહ કચરાજી, અ.હેકો.દીલીપસિંહ પ્રુથ્વીસિંહ તથા અ.હે.કો. કુલદિસિંહ નરેંદ્રસિંહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન મ.સ.ઇ.જશવંતસિહ બળવંતસિંહ તથા અ.હે.કો. નરેન્દ્રસિંહ કચરાજી, નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે નરોડા દહેગામ રોડ બીલીયાસા ગ્રામ્ય બસ સ્ટેન્ડ થી આશરે ૧૦૦ મીટર દુર રોડ ની બાજુમાં નરોડા અમદાવાદ ખાતે પંચો સાથે રેઈડ કરી હોંડા સીટી કાર નં.જીજે.૧.એચ.એફ.૦૬૦૧ માંથી ભારતીય બનાવટનો વિદેશી દારુની નાની મોટી બોટલ નંગ.૨૧૦ કિ.રૂ.૫૫૨૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કિ.રૂ ૩૫૫૨૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૩૫૨૦૧૬૯૨/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬બી. ૬૫એઇ. ૧૧૬(૧)બી. ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**આરોપીઓ :**(૧) હોંડા સીટી કાર નં.GJ.1.HF.0601 નો ચાલક જેનુ પુરુ નામ જાણવા મળેલ નથી

**ગુનાની જગ્યા** : નરોડા દહેગામ રોડ બીલીયાસા ગ્રામ્ય બસ સ્ટેન્ડ થી આશરે ૧૦૦ મીટર દુર રોડ ની બાજુમાં જાહેરમાં

**પકડાયેલ મુદામાલ :**

(૧) ભારતીય બનાવટનો વિદેશી દારુની નાની મોટી બોટલ નંગ.૨૧૦ કિ.રૂ.૫૫૨૦૦/- (૨) હોંડા સીટી કાર નં.જીજે.૧.એચ.એફ.૦૬૦૧ કિ.રૂ.૩,૦૦,૦૦૦/ (૩) એક કાળા કલરનુ કપડુ કિ.રૂ. ૦૦/૦૦







# જુગારના આરોપીની અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એરપોર્ટ પોલીસ

મે. પો.કમિશ્રી, અ.વાદ શહેર તથા સં.પો.કમિશ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા ના.પો. કમિશ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મ.પો.કમિશ્રી,'જી' ડીવીઝન, અ.વાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ COVID-19 કોરોના વાયરસનું સક્રમણ અટકાવવા સારૂં પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો અલ્પેશસિંહ પ્રવીણસિંહ નાઓની ખાનગી બાતમી આધારે અમો તથા તાબાના સર્વેલન્સ સ્કવૉડના માણસો સાથે એરપોર્ટ પો.સ્ટે. વિસ્તારમાં મ.નં.૭૭૪/૬, પાણીની ટાંકી પાસે, સરદારનગર ખાતે રહેતા આરોપી- દિપકભાઈ સ/ઓ નૈવંધરામ આહુજા નાઓના ભોગવટાના માલિકીના મકાનમાં કેટલાક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડતા હોય જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ રેઈડ કરતા કુલ્લે-૦૮ આરોપી મળી જુગાર રમી રમાડતા મળી આવેલ હોય જેથી આરોપીઓને ધી જુગારધારા કલમ-૪,૫ મુજબના કામે તા.૦૯/૦૭/૨૦૨૦ ના ક.૨૨/૦૫ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીઓના નામ : (૧) દિપકભાઈ નૈવંધરામ આહુજા ઉ.વ.૪૫ રહે- ૬૬૫/૧, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર (૨) ભગવાનદાસ નૈવંધરામ આહુજા ઉ.વ.૪૬ રહે- ૬૬૫/૨, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર (૩) મહેન્દ્ર રમેશલાલ તલરેજા ઉ.વ.૨૩ રહે- મ.નં.૬૬૦/૩, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર (૪) કમલેશભાઈ તોતારામ માખીજા ઉ.વ.૩૮ રહે- સી/૩૬, કૃષ્ણનગર હાઉસિંગ બોર્ડ સોસાયટી, કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સામે , નરોડા (૫) ધનરાજ મહેશકુમાર વાધવાણી ઉ.વ.૨૫ રહે-મ.નં.૬૬૩/૧, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર (૬) દિનેશભાઈ મોહનલાલ રોચરા ઉ.વ.૩૩ રહે- ૬૫૮/૨, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર (૭) જીતુ શંકરલાલ રોચરા ઉ.વ.૩૬ રહે-૬૫૮/૧, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર (૮) હીરાભાઈ નંદલાલ આહુજા ઉ.વ.૩૯ રહે-મ.નં ૬૬૫/૧/૧, આંબાવાડી , ટ્રાફીક " જી " ડિવીઝન પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર

મુદ્દામાલ: (૧) અંગઝડતી રૂ.૯૦૦૦/- (૨) દાવના નાંણા રૂ.૭,૨૦૦/- (૩) મો.ફોન-૦૬ કિં.રૂ.૧૦,૦૦૦/- (૪) વાહનો-૦૪ કિં.રૂ.૧,૦૦,૦૦૦/- (૫) ગંજીપાના નંગ-૧૦૪ કિં.રૂ.૦૦/૦૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી : (૧) પો.ઈન્સ. શ્રી કે.સી.રાઠવા (૨) પો.સ.ઈ. જે.જે.ચૌધરી (૩) અ.પો.કો અલ્પેશસિંહ પ્રવીણસિંહ બ.નં ૮૬૯૦ (૪) અ.પો.કો. વિજયલક્ષ્મીકાંત લાલજીભાઈ બ.નં ૮૬૭૬ (૫) અ.પો.કો. અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં ૪૧૪૦ (૬) અ.લો.ર. પ્રવીણભાઈ દીતાભાઈ બ.નં ૮૮૯૪ (૭) અ.લો.ર. નરેશકુમાર જેસિંગભાઈ બ.નં ૧૧૩૮૮

## ગુના નિવારણ શાખા :-

## “પૈસાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમતા ૧૨ ઈસમોને કુલ્લે ૭૪,૫૧૦/- રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૧૩/૭/૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના હે.કો.મુકેશભાઇ રામાભાઇ, હે.કો.રાજેન્દ્રસિંહ જીવતસિંહ, હે.કો.જગદિશ કાંતીલાલ, હે.કો.ચેતનસિંહ નટવરસિંહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન હે.કો.મુકેશભાઇ રામાભાઇ તથા હે.કો.જગદિશ કાંતીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી વિનોદકુમાર ઇન્દુલાલ ઝાલા ના કબ્જા ભોગવટાવાળા મકાન સી/૧૦૨, સ્પ્રીંગ વેલી ફ્લેટ, ડોકટર હાઉસ સામે, પરીમલ ચારા રસ્તા પાસે, એલીસબ્રીજ, અમદાવાદ શહેર ખાતે પંચો સાથે જુગાર અંગેની રેઈડ કરી કુલ્લે ૧૨ ઈસમોને પૈસાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમતા કુલ્લે રોકડા નાણા ૪૯,૦૧૦/-રુપિયા તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૭૪,૫૧૦/-સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમાકાયદેસરની કાર્યવાહી કરી એલીસબ્રીજ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુ.ર..ન.૧૧૧૯૧૦૧૪૨૦૦૪૭૨/૨૦૨૦ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

**(૧)** વિનોદકુમાર ઇન્દુલાલ ઝાલા ઉ.વ.૪૯, રહે. સી/૧૦૨, સ્પ્રીંગ વેલી ફ્લેટ, ડોકટર હાઉસ સામે, પરીમલ ચારા રસ્તા પાસે, એલીસબ્રીજ **(૨)** ધુળાભાઇ શાંતિલાલ શાહ ઉ.વ.૬૭, રહે. સી/૧૦૧, સાગરા સમ્રાટ એપાર્ટમેન્ટ, જલારામ મંદિર પાસે, એલીસબ્રીજ **(૩)** કમલેશભાઇ શાંતિલાલ શાહ ઉ.વ.૫૫, રહે. બી-૯/૧, સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક ચાર રસ્તા પાસે, જીવરાજ પાર્ક**(૪)** પ્રશાંતભાઇ અરવિંદભાઇ કદમબાંડે ઉ.વ.૪૪, રહે. ૪૯, ખેરવાનગર સોસાયટી, મ્યુનિસિપલ સ્કુલ સામે, વલ્લભપાર્ક પાસે, ડી-કેબીન, સાબરમતી **(૫)** કિશોરભાઇ મોઘજી પટેલ ઉ.વ.૬૨, રહે. પુરાણી ચાલી, ગીતામંદિર ચાર રસ્તા પાસે, મજુર ગામ, કાગડાપીઠ. **(૬)** અપુર્વ બાબુભાઇ શાહ ઉ.વ.૫૨, રહે. ૯, બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પહેલો માળ, શાંતિવન રોડ, પાલડી, **(૭)** ઉમંગ વિનયભાઇ શાહ ઉ.વ.૪૫, રહે. ઘર નં.૧૩૬૩, તળીયાની પોળ, નાના દેરાસરનો ખાંચો, સારંગપુર**(૮)** રમેશભાઇ દિલીપભાઇ પટેલ ઉ.વ.૪૫, રહે. ઢાળની પોળ, દેરાસરની બાજુમાં, રાયપુર **(૯)** વિનુભાઇ મણીભાઇ પટેલ ઉ.વ.૫૮, રહે. ઘર નં.૧૦/૩, લેઉવા પટેલ વાસ, રામજી મંદિર પાસે, ચાંદખેડા ગામ **(૧૦)** મહેન્દ્રભાઇ ત્રિભોવનદાસ પટેલ ઉ.વ.૫૫, રહે. બી/૧૦૨, આદિત્ય પરીવેશ, ઉમાદર્શન બંગલોઝ પાસે, વંદે માતરમ, ગોતા **(૧૧)** ભીખાભાઇ મોતીભાઇ પરમાર ઉ.વ.૫૭, રહે. બ્લોક નં.૪૭૨/બી, ન્યુ રેલ્વે કોલોની, ડીઝલ સેડની બાજુમાં, સાબરમતી **(૧૨)** નિતીન બાબુલાલ પટેલ ઉ.વ.૩૫, રહે. બી/૧, ઇન્દીરાનગર, સીટી ગોલ્ડા સિનેમા સામે, મોટેરા રોડ, સાબરમતી અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :** આરોપી નં.૧ની કબ્જા ભોગવટાવાળા મકાન સી/૧૦૨, સ્પ્રીંગ વેલી ફ્લેટ, ડોકટર હાઉસ સામે, પરીમલ ચારા રસ્તા પાસે, એલીસબ્રીજ, અમદાવાદ શહેર

**પકડાયેલ મુદામાલ :** (૧) અંગજડતી તથા દાવના તથા નાળના નાણા રૂ.૪૯,૦૧૦/-
(૨) મોબાઇલ ફોન નંગ ૧૦ કિ. રૂ.૨૫,૫૦૦/- (૩) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.00.00/
(૪) અલગ રંગના કોઈન નંગ-૧૨૬ કિ.રૂ.00/-(૪) એલ્યુમિનીયમની પેટી નંગ- ૧ કિ..રૂ.00/-





# કોરોના વોરયર્સને પ્રમાણપત્રો એનાયત કરી સન્માન

## ખાડીયા પોલીસ સેશન :-

## સિવિલ ડીફેન્ ઉમદા અને પ્રસંશનીય સેવા બદલ પ્રોત્સાહન રૂપે ખાડીયા પો.સ્ટે. સીનીયર પો.ઈન્સ.શ્રી પી.ડી.સોલંકી નાઓ તરફથી પ્રમાણપત્રો એનાયત કરી સન્માન કરી અભિનંદન પાઠવેલ

અમદાવાદ શહેર તેમજ વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે અને નોવેલ કોરોના વાયરસ અમદાવાદ શહેરમાં પણ ફાટી નિકળેલ હોઈ જેથી આ મહામારી ફેલાતી રોકવા સારૂ અને માનવ માનવથી સંક્રમણ વધે નહી તે સારૂ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેરમાં સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ જેથી પોલીસ સાથે સંપર્કમાં રહી પોલીસને મદદરૂપ થાય તે સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સ્થાનિક સિવિલ ડીફેન્સના માણસોની સેવા લેવા સારૂ મળેલ સુચનાઓ આધારે અત્રેના ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા કુલ- ૩૦ સિવિલ ડીફેન્સના માણસોએ લોકડાઉન દરમ્યાન તેઓની સ્વખુશીથી ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ સાથે રહી સારી અને ઉત્કૃષ્ટ સેવા બજાવેલ હોઈ જેથી સિવિલ ડીફેન્સના કુલ- ૩૦ માણસોને પોતાની ઉમદા અને પ્રસંશનીય સેવા કરવા બદલ પ્રોત્સાહન રૂપે અત્રેના ખાડીયા પોલીસ સ્ટેશન ખાતેથી સીનીયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી પી.ડી.સોલંકી નાઓ તરફથી આજરોજ તા.- ૧૨/૦૭/૨૦૨૦ ના રોજ પ્રમાણપત્રો એનાયત કરી સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવેલ .








## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૯ કેસ કરી, ૭૪ વ્યક્તિઓને ઝડપી, ૫૦૭ લીટર દેશી દારૂ, ૧૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૩ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૬,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૧૬૪/૨૦૨૦

**ગોમતીપુર**: તા.૧૧/૦૭/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર ચતુરસિંગની ચાલીમાં આવેલ સિલાઇકામના કારખાના બીજા માળે પતરાવાળા છાપરા ઉપરથી ત્યજી દીધેલ તાજુ મૃત ભૃણ છુપાવેલી હાલતમાં મળી આવતા ગોમતીપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

## વાહન અકસ્માત મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૧૬૫/૨૦૨૦

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રામબરન રામસ્નેહી ઓઝા (ઉ.વ.૪૬) (રહે.ઓડાના મકાનમાં ચાંદલોડીયા અમદાવાદ) તા.૧૨/૦૭/૨૦૨૦ રાતના ૮/૪૦ વાગ્યાના સુમારે મહમદપુરા ચાર રસ્તા પાસે બી.ડી.પટેલ ફાર્મ પાસે કાકાના ઢાબાથી વાય.એમ.સી. તરફ જવાના જાહેર રોડ ઉપરથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે હોન્ડા સીટી કાર નંબર જીજે ૦૧ આરએચ ૬૩૯૦ ના ચાલક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રામબરન ઓઝાના મોટર સાયકલને ટક્કર મારતા રામબરન ઓઝાને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ રાજેશ મુંશી ઓઝા (રહે. વ્રજધામ સેક્ટર-૪ ચાણક્ય પુરી ઘાટલોડીયા) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

## વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૧૬૬/૨૦૨૦

**ઓઢવ**: ગીરધરભાઈ દીલસુખભાઈ કનેરીયા (ઉ.વ.૩૦)(રહે.ગેલેક્ષી હાઈટ્સ એસ.પી.રીંગરોડ નિકોલ) તા.૧૧/૦૭/૨૦૨૦ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ સિંગરવા પશુપતિનાથ મંદીર પાછળ દેવભુમી એસ્ટેટની સામે સારથી એસ્ટેટ નંબર ૯ ખાતે પ્લાસ્ટીકના મોલ્ડીંગ બનાવવાના કારખાનામાં ઈલેક્ટ્રીક મશીન ઉપર કામ કરતા હતા ત્યારે ઈલેક્ટ્રીક મશીનની ઉપર લાગેલ ઈલેક્ટ્રીક સ્વીચ બંધ કરવા જતા કરંટ લાગતા સારવાર માટે સિંગરવા સરકારી હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા.આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સંજયકુમાર શીતલાપ્રસાદ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૬૭/૨૦૨૦**

**સાબરમતીઃ** સાજનભાઇ ચંદુભાઇ પરમાર (ઉ.વ.૩૧)(રહે.કેબિનનગર ઉમા ભવાની સામે આઇ.ઓ.સી.રોડ ત્રાગડ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૦ સાજના ૬/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.પી.રોહીત ચલાવે છે.

**ખોખરા**: હિતેશભાઇ લાલજીભાઇ સરગરા (ઉ.વ.૨૮)(રહે.નિલકંઠ સોસાયટી ત્રીપદા સોસાયટી પાછળ જશોદાનગર કેનાલ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના બંન્ને હાથ ઉપર કાંડાના ભાગે બ્લેડ મારી ઈજાઓ કરતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૭/૨૦૨૦ કલાક૦૦/૦૭ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આ.જે.બોડાત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી